

દીપજ્યોતિ નમોસ્તુતે : સંતોના વરદ્ હસ્તે પ્રવેશ પૂજનપર્વે દીપપ્રાગટ્ય



શ્રી ઠાકોરજીમહારાજની નિશ્રામાં ઉપાસના ધામને નિર્બંધ કરતા સાહેબજી અને સંતો



સંત બહેનો, ઈલાબા, દર્શનાબહેનના વરદ્ હસ્તે પ્રવેશ પૂજનપર્વે દીપપ્રાગટ્ય



શ્રી ઉપાસના ધામ પ્રવેશ પૂજનપર્વે માહાત્મ્યદર્શન સભામાં સંતો–અક્ષરમુક્તો



શ્રી ઉપાસના ધામ પ્રવેશ પૂજનપર્વે માહાત્મ્યદર્શન : સદ્ગુરુ સંત પૂ. અશ્વિનદાદા



શ્રી ઉપાસના ધામ પ્રવેશ પૂજનપર્વે આશીર્વચન : સંતભગવંત સાહેબજી



શ્રી ઉપાસના ધામ પ્રવેશ પૂજનપર્વે દિવ્ય સ્મૃતિભેટ અર્પણ કરતાં સદ્ગુરુ સંત પૂ. દીદી



સદ્ગુરુ સંત પૂ. દીદીના વરદ્ હસ્તે શ્રી પૂર્ણ કળશસ્થાપન

# શ્રી ઉપાસનાધામ પ્રવેશ પૂજનપર્વ



શ્રીનગર અમદાવાદની પાવન ભૂમિ, કે જ્યાં ગુરુદેવ યોગીજીમહારાજે ભારતીય આધ્યાત્મિક પરંપરાના સંન્યાસ આશ્રમમાં પોતાના લાડીલા યુવાન જશભાઈ-સંતભગવંત સાહેબજી દ્વારા એક નવા અધ્યાયનો આરંભ કરાવ્યો અને ભગવાં હૃદયના સાધુ થવાની આજ્ઞારૂપી મંત્રદીક્ષા આપી. આ પ્રાસાદિક નગરમાં સંતભગવંત સાહેબજીની પ્રેરણા ને આજ્ઞાથી સદ્ગુરુ સંત પૂ. અશ્વિનભાઈએ નિયમિત રીતે અઠવાડિક સભાઓમાં પધારીને સત્સંગનાં બીજ વાવ્યાં. અમદાવાદ નગરમાં વસતા પરમ એકાંતિક અક્ષરમુક્તો પૂ. જશુભાઈ ભટ્ટસાહેબ-મધુબા, પૂ. વજુકાકા પોપટ, પૂ. વસાસાહેબ, પૂ. કનુકાકા-કાન્તાકાકી, પૂ. સવજીબાપા, પૂ. નરસીદાસ, પૂ. ચુનીભાઈ આદિએ સાહેબજી અને સંતોના સત્સંગે પોતાનાં સર્વસ્વને અહોહોભાવે સમર્પિત કર્યાં. વળી, પૂ. રજનીભાઈ, પૂ. ગૌતમભાઈ આદિ સંતોએ વર્ષોથી સત્સંગની ધૂણી ધખાવી અને સૌ ભક્તોનાં જીવન ભક્તિમય બનાવ્યાં !

અમદાવાદની પ્રતિષ્ઠિત સી. યુ. શાહ કૉલેજના વિદ્વાન પ્રાચાર્ય એન. આર. શાહસાહેબ સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાના સમાગમે સત્સંગમાં જોડાયા. તેઓના નિવાસસ્થાને સત્સંગસભાનો આરંભ થયો. અઠવાડિયામાં એક વખત એક દિવસ મળતી સત્સંગસભા જોતજોતામાં એક મહિનામાં કુલ ૧૫થી પણ વધુ સભાનો આંક વટાવી ગઈ. એન. આર.દાદા-ઈલાબાનું ઘર અનુપમ મિશનના એક કેન્દ્રરૂપે ભગવાનના કાર્યનું મંદિર બનવા માંડ્યું. અનુપમ પરિવારનાં માવતર દાદા-બાના વાત્સલ્યસભર અને માહાત્મ્યયુક્ત ભક્તિથી છલકાતા સમાગમના ફળસ્વરૂપે કેવળ અમદાવાદ જ નહિ, પરંતુ ઉત્તર ગુજરાતનો વિસ્તૃત પ્રદેશ સત્સંગપ્રવૃત્તિઓથી લીલોછમ થઈ ગયો. અખંડ કથાવાર્તા, સતત કીર્તનભક્તિ અને અવિરત સેવા દ્વારા અમદાવાદ પ્રદેશના હરિભક્તો અને સવિશેષ યુવક-યુવતીઓએ સંપ-સુહૃદભાવ-એકતાના દઢાવ કરી સંતભગવંત સાહેબજીની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના તીવ્ર ઉમંગ સાથે સત્સંગપ્રવૃત્તિઓમાં વેગ અને વિકાસ હાંસલ કર્યા.

આ વિકાસના સુફલરૂપે અનેક ગણમાન્ય પ્રતિષ્ઠિત મુમુક્ષુઓ સત્સંગપ્રવૃત્તિમાં જોડાયા, તેમાંના એક વિરલ મુમુક્ષુ તે અક્ષરમુક્ત પૂ. અતુલભાઈ લેખડિયા ! તેઓશ્રીના ભાઈઓ અને પરિવારે દાન રૂપે અર્પણ કરેલી મહામૂલી જમીન પર બે વર્ષ પૂર્વે ઉપાસના ધામના નિર્માણ અર્થે ખાતમુહૂર્ત વિધિ સંપન્ન થયો. અને ત્યારથી જ સેવાયજ્ઞ આરંભાયો. સંતો, દાદા-બા, નરસીદાસ, ધનજીભાઈ, દ્વિજેનભાઈ, દિવ્યાંગભાઈ, ઘનશ્યામભાઈ આદિ સૌ ગૃહસ્થો, યુવાનો અને બહેનોએ ભેગાં મળીને સેવાની સરવાણી વહાવી. જેને પરિણામે ઉપાસના ધામના સંત નિવાસના મધ્ય મંદિરે શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમમહારાજ અને સર્વ ગુણાતીત સ્વરૂપો તથા શ્રી દેવતાઓની પ્રાણપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ૨૯ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી ૨૦૧૭ દરમિયાન યોજાયો !

૨૦૧૭ની ૨૯ જાન્યુઆરીએ સવારે સંતભગવંત સાહેબજી સાથે પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, જૈન આચાર્ય પૂ. ડૉ. લોકેશ મુનિજી, વૈષ્ણવ આચાર્ય પૂ. ભાગવતઋષિજી, ગુણાતીત જ્યોતનાં સદ્ગુરુ સંત બહેનો, પ્રવીણભાઈ કોટક, વાસુભાઈ, અતુલભાઈ લેખડિયા, જગતભાઈ, અનુપમ મિશનના દેશ-વિદેશનાં કેન્દ્રોના પ્રમુખશ્રીઓ આદિ મહાનુભાવો ઉપાસના ધામ પરિસરમાં પધાર્યા. પ્રવેશદ્વારે સંતભગવંત સાહેબજી. પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અને પૂ. ડૉ. લોકેશ મુનિજીએ રિબિન ખોલી ઉપાસના ધામ સર્વનાં દર્શનાર્થે ખુલ્લું મુક્યું.



સંતો પૂ. હર્ષદભાઈ, પૂ. અરુણભાઈ, પૂ. દિલીપભાઈ દ્વારા શ્રી ઠાકોરજી પીઠિકાપૂજન



સંતો પૂ. રજનીભાઈ, પૂ. ગોવિંદભાઈ, પૂ. ગૌતમભાઈ દ્વારા શ્રી ઠાકોરજી પીઠિકાપૂજન



શ્રી ઉપાસના ધામ પરિસરમાં સંતોના આશ્રયે બાળકો દ્વારા વૃક્ષારોપણ



વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંવાદિતા સંવર્ધનની પ્રતિજ્ઞા લેતાં બાળકો



સંતો પૂ. હિંમતસ્વામી, પૂ. હસુખભાઈ, પૂ. જયેન્દ્રભાઈ દ્વારા શ્રી ઠાકોરજી પીઠિકાપૂજન

સદ્ગુરુ સંતો અને શ્રી ગુણાતીત જ્યોતનાં શોભનાબહેન અને સંત બહેનો, ઈલાબા, દર્શનાબહેન આદિએ દીપપ્રાગટ્ય વિધિ સંપન્ન કરી. સંતોએ કળશ પૂજન કર્યાં અને પ્રભુના મંદિરે પ્રવેશની પ્રાર્થનાઓ વહાવી. ઉપસ્થિત સંતો અને મહેમાનોનાં સ્વાગત થયાં. પૂ. અશ્વિનદાદાએ મહોત્સવ મહિમા સમજાવી સૌનાં સ્વાગત કર્યાં.

પૂ. ડૉ. લોકેશ મુનિજી અને પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા મન મૂકીને વરસ્યા. ઉપાસના શુદ્ધિ અને સાહેબજી જેવા ગુણાતીત સ્વરૂપનો અદ્ભુત મહિમા ગાઈને સૌને તેમના યથાર્થ સ્વરૂપનાં દર્શન કરાવ્યાં ! સાહેબજી જેવા પ્રભુધારક સંતની સાહજિક અવસ્થા આવા મોટા સંતોને પણ કેવી સ્પર્શે છે તેનું અનોખું દર્શન તેઓના શબ્દે-શબ્દે સૌને થયું !

સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા, કે જે સહજ જ યોગીજીમહારાજની સ્મૃતિથી, સેવકોની ભક્તિ અને ઉપાસનાના મહિમાથી સભર હતા. શાસ્ત્રીજીમહારાજ અને યોગીજીમહારાજના કાર્યને વહેતું રાખવાના આ જંગમ કાર્યને સાકાર કરવામાં જેઓ પણ ભળ્યાં તે સૌને નામ સહિત યાદ કર્યાં. દૂર રહ્યા છતાં ગુણ લઈને પણ સેવા કરનાર સૌની સુખાકારી માટેની પ્રાર્થના કરતા સાહેબજીની ગુણાતીત અવસ્થાનાં દર્શનથી સૌનાં હૈયાં ભીંજાઈ ગયાં !

શ્રી ગુણાતીત જ્યોતનાં સદ્ગુરુ સંત પૂ. હંસાદીદીએ આશીર્વાદ આપ્યા અને સંતભગવંત સાહેબજીને ગુરુદેવ યોગીબાપાની સુંદર મૂર્તિની સ્મૃતિભેટ ભેટ અર્પણ કરી. ત્યારબાદ શ્રી ઠાકોરજી જ્યાં બિરાજવાના હતા તે પીઠિકાનાં પૂજન, શુભ યંત્રનાં પૂજન તથા શ્રી હરિનાં ચરણારવિંદનાં પૂજન સદ્ગુરુ સંતોએ કર્યાં. પૂ. હંસાદીદીએ કળશનું પીઠિકા પર સ્થાપન કર્યું. શ્રી ઉપાસનાધામ પ્રવેશપૂજન પર્વે વ્રતધારી સંતોના આશ્રયે ભૂલકાંઓ દ્વારા સંતનિવાસ પરિસરમાં વૃક્ષારોપણ થયાં. પૂ. હર્ષદદાદાએ આ ભૂલકાંઓને પર્યાવરણ સંવર્ધનની પ્રતિજ્ઞા લેવડાવી.

આ પ્રસંગે અનેક ભક્તોએ પ્રભુના શણગાર અર્થે ઘરેણાંઓ ભેટમાં આપી હૈયાની ભક્તિ વહાવી. મહોત્સવ સર્વપ્રકારે નિર્વિઘ્ને પાર પડે, સૌ ભક્તોની ભક્તિ પ્રભુ સ્વીકારે, મંદિરની સાથે હૃદયમંદિરમાં પણ પ્રભુ બિરાજી જાય તે ભાવનાથી સંતોએ મહાપૂજાવિધિ સંપન્ન કરી, જેના યજમાનપદે પૂ. રજનીભાઈ, પૂ. ગૌતમભાઈ, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. પિનાકીનભાઈ, નરસીભાઈ, જિતુભાઈ, દ્વિજેનભાઈ, ધનજીમામા બિરાજ્યા. અંતે સાહેબજીએ આશિષ અર્પી સૌને કૃતાર્થ કર્યાં !



પ્રવેશ મહાપૂજાવિધિ રત સંતો-ભક્તો



સંતભગવંત સાહેબજી, શ્રીમદ્ ભાગવત મર્મજ્ઞ ભાગવતઋષિજી તથા સદ્ગુરુ સંતોના વરદ્ હસ્તે શ્રી ઠાકોરજી પીઠિકામાં શ્રી સ્વામિનારાયણ યંત્ર સહિત પૂજાસામગ્રીનાં ભાવપૂર્ણ અર્પણ